



# સામુહિક અને ભેદભાવપૂર્ણ લક્ષિત દેખરેખને સક્ષમ કરે તેવી ચહેરાની ઓળખ પદ્ધતિ અને દૂરસ્થ જૈવિક ઓળખ પદ્ધતિના ઉપયોગ પર વૈશ્વિક પ્રતિબંધની માંગ માટે ખુલ્લો પત્ર

અમે, નીચે સહી કરનાર, ચહેરાની ઓળખ અને દૂરસ્થ જૈવિક ઓળખ પદ્ધતિના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવા માંગીએ છીએ જે સામુહિક અને ભેદભાવપૂર્ણ લક્ષિત દેખરેખને સક્ષમ કરે છે. આ સાધનોમાં આપણા માનવાધિકાર અને નાગરિક સ્વતંત્રતાનો ભંગ કરીને, તેઓ જ્યાં પણ જાય ત્યાં લોકોને ઓળખવા, તેનું પગેરું રાખવા, એકલા ઓળખી કાઢવા અને ટ્રેક કરવાની ક્ષમતા છે – જેમ કે ગોપનીયતા અને ડેટા સંરક્ષણના અધિકાર, મુક્ત રીતે મળવાનો અને ભેગા થવાનો અધિકાર (જે વિરોધના ગુનાહિત તરફ દોરી જાય છે અને ભયજનક અસર પેદા કરે છે), અને સમાનતા અને ભેદભાવના અધિકારો.

આપણે ચહેરાની ઓળખ અને દૂરસ્થ જૈવિક ઓળખ પદ્ધતિ જોઇ છે જેનો ઉપયોગ માનવાધિકારના ઉલ્લંઘનને વધારવા માટે કરવામાં આવ્યો છે. ચાઇના, યુનાઇટેડ સ્ટેટ્સ, રશિયા, ઇંગ્લેન્ડ, યુગાન્ડા, કેન્યા, સ્લોવેનીયા, મ્યાનમાર, સંયુક્ત આરબ અમીરાત, ઇઝરાઇલ અને ભારતમાં દેખાવકારો અને નાગરિકોની દેખરેખથી લોકોની ગુપ્તતાના અધિકાર અને મુક્ત રીતે ભેગા થવાના અને સંગઠનના અધિકારને નુકસાન પહોંચ્યું છે. યુનાઇટેડ સ્ટેટ્સ, આર્જેન્ટિના અને બ્રાઝિલમાં નિર્દોષ વ્યક્તિઓની ખોટી રીતે ધરપકડ કરવાથી લોકોની ગોપનીયતાના અધિકાર અને યોગ્ય પ્રક્રિયા અને ચળવળની સ્વતંત્રતાના તેમના અધિકારને ઠેસ પહોંચી છે. ચાઇના, થાઇલેન્ડ અને ઇટાલીમાં વંશીય અને ધાર્મિક લઘુમતીઓ અને અન્ય દલિત સમુદાયોની દેખરેખથી લોકોની ગુપ્તતાના અધિકાર અને સમાનતા અને ભેદભાવના તેમના હકનું ઉલ્લંઘન થયું છે.

આ તકનીકો, રચના દ્વારા, લોકોના અધિકારોને જોખમાવે છે અને પહેલેથી જ નોંધપાત્ર નુકસાન પહોંચાડી ચુકી છે. કોઈ પણ તકનીકી અથવા કાનૂની સલામતી તેમના દ્વારા ઉભા કરવામાં આવેલા જોખમને સંપૂર્ણપણે દૂર કરી શકે નહીં, અને તેથી અમે માનીએ છીએ કે તેનો ઉપયોગ સરકાર અથવા ખાનગી ક્ષેત્ર દ્વારા, જાહેરમાં અથવા જાહેર જગ્યાઓમાં ક્યારેય થવો જોઈએ નહીં. દુરૂપયોગની સંભાવના ખૂબ વધુ છે, અને પરિણામો ખૂબ ગંભીર છે.

અમે પ્રતિબંધ માટે હાકલ કરી છે કારણ કે, ભલે આ તકનીકીઓના વિકાસ અને ઉપયોગને સ્થગિત કરી શકાય, અને પુરાવા એકત્રિત કરવા અને લોકશાહી ચર્ચા ગોઠવવા માટે સમય લઇ શકાય, પણ તે પહેલેથી સ્પષ્ટ છે કે આ તપાસ અને ચર્ચાઓ ફક્ત એ જ બતાવશે કે આ તકનીકીનો સાર્વજનિક રૂપે સુલભ સ્થાનોમાં ઉપયોગ કરવો એ આપણા માનવાધિકાર અને નાગરિક સ્વાતંત્ર્ય સાથે અસંગત છે અને તેને સંપૂર્ણપણે પ્રતિબંધિત કરવું આવશ્યક છે.

અમારી માંગનું ક્ષેત્ર

'ચહેરાની ઓળખ' અને 'દૂરસ્થ જૈવિક ઓળખ પદ્ધતિ'માં ઘણી તક્નિકીઓનો સમાવેશ થાય છે જેમ કે કોઈનો ચહેરો ઓળખીને ફોન અનલોક કરવો, કે વ્યક્તિને ઓળખીને એને કોઈ જગ્યામાં જવાની અનુમતિ આપવાથી માંડીને કોઈના ચાલવાની રીત-ભાત તપાસવી, કે કોઈની જાતિ તપાસવી કે એમની લાગણીઓ તપાસવી.

પ્રતિબંધની અમારી માંગ નું ક્ષેત્ર એના પર કેન્દ્રિત છે પરંતુ માર્યાદિત નથી જે તક્નિકીઓ વ્યક્તિને ઓળખવા કે એક મોટા સમુદાયમાંથી કોઈ એક વ્યક્તિને અલગ ઓળખી કાઢવા માટે વાપરવામાં આવે છે, જેને ચહેરા કે જૈવિક “ઓળખાણ” તરીકે પણ ઓળખવામાં આવે છે (એક ને ઘણા સાથે સરખાવવા). અમે ચિંતિત છીએ કે આ તકનીકોનો





ઉપયોગ વ્યક્તિઓને તેમના ચહેરા, ચાલવાની રીત-ભાત, અવાજ, વ્યક્તિગત દેખાવ અથવા અન્ય કોઈ બાયમેટ્રિક ઓળખનો ઉપયોગ કરીને ઓળખવા, અલગ તારવવા અથવા ટ્રેક કરવા માટે થશે જે સામુહિક અને ભેદભાવપૂર્ણ લક્ષિત દેખરેખને સક્ષમ કરે છે, એટલે કે, દેખરેખ જે અપ્રમાણસર રીતે ધાર્મિક, વંશીય અને વંશીય લઘુમતીઓ, રાજકીય અસંતુષ્ટ અને અન્ય સીમાંત જૂથોના માનવ અધિકાર અને નાગરિક સ્વાતંત્ર્યને અસર કરે છે. અમે એ પણ સ્વીકારીએ છે કે, કેટલાક કિસ્સાઓમાં, ચહેરાના અને અન્ય જૈવિક "ઓથેન્ટિકેશન" સિસ્ટમ્સ (એટલે કે એક મેકથી મેળ ખાતી) બનાવી શકાય છે અને તેનો ઉપયોગ તે રીતે કરવામાં આવી શકે છે કે જે દેખરેખના સમસ્યારૂપ સ્વરૂપોને સમાનરૂપે સક્ષમ કરે છે, જેમ કે મોટા, કેન્દ્રિત જૈવિક ડેટાબેસ બનાવીને કે જે અન્ય હેતુઓ માટે ફરીથી વાપરી શકાય છે.

ભલે ચહેરા કે જૈવિક ઓળખાણની કેટલીક પદ્ધતિઓ લોકોની કાનૂની ઓળખ સાથે જોડાણ ન કરીને લોકોની ગોપનીયતાને સુરક્ષિત કરવાનો દાવો કરે છે, તેમ છતાં, તેઓ જાહેર સ્થળોએ વ્યક્તિઓને અલગ તારવવા માટે, અથવા તેમની લાક્ષણિકતાઓ અને વર્તન વિશે અભિપ્રાય બનાવવા માટે ઉપયોગમાં લઈ શકાય છે. આવી બધી પરિસ્થિતિઓમાં, તે વ્યક્તિગત ઓળખવાળી માહિતીને સુરક્ષિત રાખવા માટે ડેટા અનામી છે અથવા ફક્ત સ્થાનિક રીતે (એટલે કે "ધાર પર") પ્રક્રિયા કરવામાં આવે છે તે મહત્વનું નથી; આપણા અધિકારોનો ભંગ થઇ જ જાય છે કારણ કે આ સાધનો મૂળભૂત રીતે લોકોના દેખરેખ માટે, જે આપણા હકથી અસંગત છે તે રીતે બનાવવામાં આવ્યા છે.

વળી, ચહેરાના અને જૈવિક વર્ગીકરણના ઘણા ઉપયોગો, જે લોકોના લિંગ, લાગણીઓ અથવા અન્ય વ્યક્તિગત લક્ષણો જેવી બાબતો વિશે અનુમાન અને આગાહી કરે છે, તે વૈજ્ઞાનિક રીતે ગંભીર, મૂળભૂત ભૂલોથી પીડાય છે. આનો અર્થ એ છે કે તેણે આપણા વિશે કરેલી સૂચનાઓ ઘણીવાર અમાન્ય હોય છે, કેટલાક કિસ્સાઓમાં તો શરીરવિજ્ઞાન અને હાડતંત્રના યુજેનિસિસ્ટ સિદ્ધાંતોનો ઉપયોગ પણ કરે છે, જેથી ભેદભાવમાં એક વધારે નુકસાન ઉમેરે છે કેમકે એનાથી આપણા પર જાપ્તો અને ભૂલ ભરેલું વર્ગીકરણ બન્ને થાય છે.

પ્રતિબંધ માટેની અમારી માંગમાં આ તકનીકોનો ઉપયોગ આવરી લેવામાં આવે છે જ્યારે તેનો ઉપયોગ જાહેરમાં સુલભ સ્થાનો અને જગ્યાઓ પર કરવામાં આવે છે જેને લોકો ટાળી શકતા નથી. આ તકનીકોના કાયદા અમલીકરણના ઉપયોગે ભલે ધ્યાન અને આલોચના આકર્ષિત કરી છે, ખાનગી સંસ્થાઓ દ્વારા તેમના ઉપયોગથી આપણા અધિકારો માટે સમાન જોખમ ઉભું થઈ શકે છે, ખાસ કરીને જ્યારે ખાનગી કલાકારો જાહેર-ખાનગી ભાગીદારીમાં સરકારો અને જાહેર સંસ્થાઓ વતી દેખરેખમાં અસરકારક રીતે રોકાયેલા હોય અથવા તો આવા દેખરેખમાંથી પ્રાપ્ત માહિતી સત્તાધિકારીઓને પૂરી પાડતા હોય.

અમે એવા ચિંતાજનક કિસ્સાઓ પણ જોયા છે જેમાં ખાનગી સંસ્થાઓ "શંકાસ્પદ" વ્યક્તિઓના ડેટાબેસને સંકલન અને એકીકૃત કરે છે અને આ ડેટાબેસને ઘણા ગ્રાહકો સાથે શેર કરે છે. આ અસરકારક રીતે ખાનગી કંપનીઓ વચ્ચે વહેંચાયેલ "રાષ્ટ્રવ્યાપી ડેટાબેસ" બનાવે છે જે અપ્રશિક્ષિત કર્મચારીઓની મુનસફી પ્રમાણે બનાવેલ હોય છે, તે કોઈપણ નિરીક્ષણને આધિન નથી, અને આવા ડેટાબેસનો ઉપયોગ કરતા તમામ પરિસરમાં વોચલિસ્ટ પર દેખાતી વ્યક્તિઓ સામે ભેદભાવ લાવી શકે છે.

આ તકનીકોનો ઉપયોગ શહેરના ઉદ્યાનો, શાળાઓ, પુસ્તકાલયો, કાર્યસ્થળો, પરિવહન કેન્દ્રો, રમતગમત સ્ટેડિયમ, આવાસોના વિકાસ, અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ જેવી ઓનલાઇન જગ્યાઓ પર પણ લોકોના સર્વેક્ષણ માટે થાય તે આપણા માનવાધિકાર અને નાગરિક સ્વાતંત્ર્ય માટે અસ્તિત્વનો ખતરો છે અને તેને રોકવું ખુબ જરૂરી છે.

પ્રતિબંધ કેમ**?**





ચહેરાની ઓળખ અને દૂરસ્થ જૈવિક ઓળખાણની તકનીકોમાં તેમના વર્તમાન સ્વરૂપમાં નોંધપાત્ર તકનીકી ભૂલો છે, જેમ કે, ચહેરાની ઓળખાણ પ્રણાલી જે વંશીય પૂર્વગ્રહને પ્રતિબિંબિત કરે છે અને ત્વચાના ઘાટા રંગવાળા લોકો માટે ઓછી સચોટ છે. જો કે, આ પ્રણાલીઓમાં તકનીકી સુધારણા આપણા માનવાધિકાર અને નાગરિક સ્વાતંત્ર્ય માટે ઉભા કરેલા જોખમને દૂર કરશે નહીં.

વધુ વૈવિધ્યસભર તાલીમ ડેટા ઉમેરવાથી અથવા ચોકસાઈ સુધારવા માટેના અન્ય પગલાં લેવાથી આ પ્રણાલીઓ સાથેના કેટલાક વર્તમાન મુદ્દાઓનું નિવારણ થઈ શકે છે, પણ આખરે તે ફક્ત તેને દેખરેખના સાધન તરીકે યોગ્ય બનાવશે અને આપણા અધિકારોનો ભંગ કરવા માટે તેમને વધુ અસરકારક બનાવશે.

આ તકનીકો બે મુખ્ય રીતે આપણા અધિકારો માટે ખતરો છે:

પ્રથમ, તાલીમ ડેટા - ઇનપુટ ડેટા સરખાવવા માટેનો ચહેરાઓનો ડેટાબેઝ, અને આ પ્રણાલીઓ દ્વારા પ્રક્રિયા કરાયેલ જૈવિક ડેટા - સામાન્ય રીતે કોઈની જાણ, સંમતિ અથવા એમાં સમાવિષ્ટ થવા માટેની યોગ્ય પસંદગી આપ્યા વિના મેળવવામાં આવે છે. મતલબ કે આ તકનીકો રચના દ્વારા સામુહિક અને ભેદભાવપૂર્ણ બંને પ્રકારની લક્ષિત દેખરેખને પ્રોત્સાહન આપે છે.

બીજું, જ્યાં સુધી સાર્વજનિક રૂપે સુલભ સ્થાનો પરના લોકોને ત્વરિત રૂપે ઓળખવામાં આવી શકે છે, અલગ તારવી શકાય છે અથવા ટ્રેક કરી શકાય છે, ત્યાં સુધી તેમના માનવાધિકાર અને નાગરિક સ્વાતંત્ર્યતાને ક્ષીણ કરવામાં આવશે. આ તકનીકીઓ જાહેરમાં સુલભ જગ્યાઓ પર કાર્યરત હોઈ શકે તે વિચાર પણ એક ભયાવહ અસર બનાવે છે જે લોકોના અધિકારનો ઉપયોગ કરવાની ક્ષમતાને નબળી પાડે છે.

આ પ્રણાલીઓ લોકોની સલામતીમાં સુધારો કરે છે તેવા પ્રશ્નાર્થપૂર્ણ દાવા છતાં, કોઈપણ ફાયદા કરતા આપણા અધિકારોનું વ્યવસ્થિત ઉલ્લંઘન હંમેશાં વધારે હોવાનું. અમે આ પ્રણાલીઓનો કેવી રીતે દુરૂપયોગ કરવામાં આવે છે અને સાવ ઓછી કે નહિવત પારદર્શિતા સાથે તૈનાત કરવામાં આવે છે તેના પુરાવા વધતા જોયા છે .

કોઈપણ સર્વેક્ષણ અને વિશ્લેષણ નીતિ ભૂતકાળમાં કેવી રીતે હાથ ધરવામાં આવી છે તે બતાવે છે કે દેખરેખ તકનીકોનો પ્રાયોગિક ઉપયોગ ઘણીવાર ઓછી આવકવાળા અને લઘુમતી જૂથને ગુનેગાર બનાવે છે, જેમાં અલગ રંગના સમુદાયોનો સમાવેશ થાય છે, તે જ સમુદાયો જે પરંપરાગત રીતે માળખાગત જાતિવાદ અને ભેદભાવનો સામનો કરે છે. ચહેરાની ઓળખ અને દૂરસ્થ જૈવિક દેખરેખ તકનીકનો ઉપયોગ આમાં અપવાદ નથી, અને તે કારણોસર વધુ જોખમી દેખરેખનું માળખું ઉભું થાય અથવા કાયમી બને તે પહેલાં તેને રોકવું આવશ્યક છે.

કાયદાના અમલીકરણ અથવા ખાનગી કંપનીઓના હાથમાં (અથવા જાહેર-ખાનગી ભાગીદારીમાં) આ સાધનોનું અસ્તિત્વમાત્ર, જાહેર જગ્યાઓની વધતી દેખરેખ માટે હંમેશા પ્રોત્સાહનો ઉત્પન્ન કરીને, સ્વતંત્ર અભિવ્યક્તિ પર ભયાવહ અસર કરશે. કેમકે તેમનું અસ્તિત્વ આપણા અધિકારોને હાનિ પહોંચાડે છે, અને આ તકનીકોનું અસરકારક નિરીક્ષણ એવી રીતે શક્ય નથી કે જે દુરૂપયોગને દૂર કરે, તેથી સાર્વજનિક રૂપે સુલભ સ્થાનોમાં તેમના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવા સિવાય કોઈ વિકલ્પ નથી.

પ્રતિબંધ કેવો હશે**?**

કેટલીક દેખરેખ તકનીકીઓ છે જે આસાનીથી એટલી ખતરનાક છે કે તે અનિવાર્યપણે મુશ્કેલીઓ નિવારવા કરતાં વધારે ઉભી કરે છે. જ્યારે ચહેરાની ઓળખ અને દૂરસ્થ જૈવિક પ્રણાલીઓની વાત આવે છે જે સામુહિક દેખરેખ અને ભેદભાવપૂર્ણ લક્ષિત દેખરેખને સક્ષમ કરે છે, ત્યારે દુરૂપયોગની સંભાવના ખૂબ મોટી છે અને તેના પરિણામો ખૂબ ગંભીર છે.





આમાં શંકાને કોઈ સ્થાન નથી: માનવાધિકાર અને નાગરિક સ્વાતંત્ર્યનું રક્ષણ રાષ્ટ્રીય, રાજ્ય, પ્રાંતીય, મ્યુનિસિપલ, સ્થાનિક અને અન્ય સરકારો તથા તેમના તમામ પેટા વિભાગો અને સત્તાવાળાઓ દ્વારા આ તકનીકના જાહેરમાં સુલભ સ્થાનો પરના ઉપયોગ પર પ્રતિબંધની માંગ કરે છે - અને ખાસ કરીને તેમની કાયદા અમલીકરણ અને સરહદ નિયંત્રણ સંસ્થાઓ, જેમની પાસે પહેલાથી જ આ તકનીકો વિના સલામતી જાળવવા માટે પૂરતા માનવ અને તકનીકી સંસાધનો છે.

નાગરિક સમાજ સંગઠનોના વૈશ્વિક નેટવર્ક તરીકે, અમે સ્વીકારીએ છીએ કે દરેક દેશમાં વિશિષ્ટ બંધારણીય, પરંપરાગત અથવા કાનૂની પ્રણાલીઓ હેઠળ માનવાધિકારને પ્રાધાન્ય આપતા ઉકેલો વિકસાવવા માટેની વિવિધ રીતો છે.

જો કે, માધ્યમ ગમે તે હોઈ શકે, પરિણામસ્વરૂપે સર્વેક્ષણ, ઓળખવા, ટ્રેક કરવા, વર્ગીકરણ અને અનુસરવા માટે આ તકનીકોના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ હોવો આવશ્યક છે.

આ બધા કારણોસર, અમે વિનંતી કરીએ છીએ:

---

1) વિશ્વભરની સરકારના તમામ સ્તરે નીતિ ઘડનારાઓ અને ધારાશાસ્ત્રીઓ:

   a. ચહેરાની ઓળખ અને દૂરસ્થ જૈવિક તકનીકોમાંના તમામ જાહેર રોકાણોને રોકો જે સમૂહ દેખરેખ અને ભેદભાવપૂર્ણ લક્ષિત દેખરેખને સક્ષમ કરે છે.

   b. વ્યાપક કાયદા, ધારાઓ અને / અથવા નિયમન અપનાવો જે:

      i. રાષ્ટ્રીય, સંઘીય, રાજ્ય, પ્રાંત, મ્યુનિસિપલ, સ્થાનિક, અને / અથવા અન્ય રાજકીય પેટા વિભાગો સરકારો દ્વારા અથવા તેમની સંસ્થાઓ, વિભાગો દ્વારા અથવા સચિવાલય, મંત્રાલયો, કારોબારી કચેરીઓ, બોર્ડ, કમિશન, બ્યુરો, અથવા તેમના ઠેકેદારો, અને / અથવા અન્ય પેટા વિભાગો અને અધિકારીઓ દ્વારા જાહેર પરિવહન સહિત જાહેર અને જાહેરમાં સુલભ સ્થાનોના દેખરેખ માટે આ તકનીકોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવો; કોઈપણ પ્રકારના કાયદા અમલીકરણ, ગુનાહિત તપાસ, સરહદ નિયંત્રણ અને ગુપ્તચર સંસ્થાઓ પર વિશેષ ભાર સાથે;
      ii. જાહેર જગ્યાઓ, જાહેરમાં સુલભ જગ્યાઓ અને જાહેર આવાસના સ્થળોએ ખાનગી સંસ્થાઓ દ્વારા આ તકનીકોના ઉપયોગ પર પ્રતિબંધ મુકવો, જ્યાં આવા ઉપયોગથી બહોળી દેખરેખ અથવા ભેદભાવપૂર્ણ લક્ષિત દેખરેખને સક્ષમ કરવામાં આવી શકે છે, જેમાં ઉદ્યાનો, શાળાઓ, પુસ્તકાલયો, કાર્યસ્થળ, પરિવહન કેન્દ્ર, ખેલકૂદ સ્ટેડિયમ અને આવાસન;
      iii. સરકારી સંસ્થાઓ, ખાસ કરીને કાયદા અમલીકરણ સંસ્થાઓને, ખાનગી કંપનીઓ અને અન્ય ખાનગી સંસ્થાઓ દ્વારા આ તકનીકના ઉપયોગથી લેવામાં આવેલા ડેટા અને માહિતીનો ઉપયોગ કરવા અને મેળવવાથી પ્રતિબંધિત કરવા, સિવાય કે ચકાસણી અથવા તપાસનો હેતુ હોય;
      iv. આવાસ, રોજગાર, સામાજિક લાભો અને આરોગ્યસંભાળ સહિતના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોથી સંબંધિત મુદ્દાઓમાં નિર્ણય લેવા આ તકનીકોના ઉપયોગ સામે વ્યક્તિઓને સુરક્ષિત કરવા;





v. આ તકનીકોનો ઉપયોગ, અને તેમની પાસેથી મેળવેલી માહિતીને, ફોજદારી કાયદેસરની કાર્યવાહી કરવા અથવા લોકોને કેદ અથવા અન્યથા અટકાયતમાં રાખવાનો આરોપ મૂકવાના પુરાવા તરીકે બાકાત રાખવી, અને;
vi. ખાનગી કંપનીઓ દ્વારા સંગ્રહિત જૈવિક માહિતી પર સરકારની પહોંચને માર્યાદિત કરવી;

c. સરકાર અને રાજ્ય સંસ્થાઓ દ્વારા આ તકનીકોની ખરીદી પર પ્રતિબંધ મૂકતા નિયમો અને કાયદા સ્થાપિત કરવા;
d. સામુહિક દેખરેખ અથવા ધાર્મિક, વંશીય, અને જાતીય લઘુમતીઓ અને રાજકીય અસંતુષ્ટ જૂથો અને અન્ય સીમાંત જૂથોની ભેદભાવપૂર્ણ લક્ષિત દેખરેખ માટે ચહેરાની ઓળખ અને દૂરસ્થ જૈવિક તકનીકોનો ઉપયોગ કરવાનું બંધ કરવું;
e. આ તકનીકનો ઉપયોગ જે વ્યક્તિઓની જાણ બહાર તેમના પર કરવામાં આવ્યો હતો અને જેમને તકનીકના ઉપયોગની સામે લડવા માટે યોગ્ય પ્રક્રિયાના અધિકારનો ઉપયોગ કરવાની તક આપવામાં આવી ન હતી, તેઓને આ તકનીકના ઉપયોગ અંગે માહિતગાર કરવામાં આવે ; અને
f. આ તકનીકોના ઉપયોગથી ખાસ કરીને નુકસાન પામેલા વ્યક્તિઓને યોગ્ય વળતર પ્રદાન કરવામાં આવે;

---

2) અદાલતો અને ન્યાયિક અધિકારીઓએ આ તકનીકોના ઉપયોગથી ઉદ્ભવેલા માનવાધિકાર માટેના અસ્તિત્વના જોખમોને સ્વીકારવા અને તેમના ઉપયોગથી થતા નુકસાનને રોકવા અને જો જરૂરી હોય તો તેનું નિવારણ કરવા માટે કાર્યવાહી કરવી; અને

---

3) વહીવટી સંસ્થાઓએ, ડેટા સુરક્ષા અને ઉપભોક્તા સુરક્ષા સંસ્થાઓ સહિત, તેમના સંપૂર્ણ અધિકારનો ઉપયોગ ગોપનીયતા અને ગ્રાહક હકોના રક્ષણ માટે કરવો, કંપનીઓને આ તકનીકોનો ઉપયોગ અટકાવવા વિનંતી કરવી.

---

છેવટે, અમે સ્વીકારીએ છીએ કે ચહેરાની ઓળખ તકનીકો દ્વારા ઉદભેલા અસ્તિત્વને જોખમાવતા ખતરાઓનો સામનો ફક્ત દેશ અને તમામ પ્રકારની સરકારો દ્વારા જ નહીં, પણ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે અન્ય મહત્વપૂર્ણ સંસ્થાઓ દ્વારા પણ થવો જોઇએ.

તે કારણોસર, અમે આમને હાકલ કરીયે છીએ:

1) આંતરરાષ્ટ્રીય સંગઠનોને**,** જેમ કે યુ**.**એન**.** હાઇ કમિશનર ફોર હ્યુમન રાઇટ્સ ઓફિસ **(OHCHR),** આગળ આવવા અને ચહેરાની ઓળખ અને દૂરસ્થ જૈવિક ઓળખ તકનીકોના વર્તમાન વિકાસ અને ઉપયોગની નિંદા કરવા અને વિશ્વવ્યાપી સમુદાયો પર સર્વેક્ષણ કરવા;

---

2) ખાનગી સંસ્થાઓને કે જે ચહેરાની ઓળખ તકનીક વિકસિત કરે છે અથવા તેનો ઉપયોગ કરે છે:

a. સામૂહિક દેખરેખ અને ભેદભાવપૂર્ણ લક્ષિત દેખરેખને સક્ષમ બનાવતી ચહેરાની ઓળખ અને દૂરસ્થ જૈવિક ઓળખ તકનીકોના નિર્માણ, વિકાસ, વેચાણ અને ઉપયોગને બંધ કરવા જાહેર પ્રતિબદ્ધતાઓ બનાવવા.

b. ચહેરાની ઓળખ અને દૂરસ્થ જૈવિક ઓળખ તકનીકીઓનું ઉત્પાદન તરત જ બંધ કરવું કે જે સામૂહિક દેખરેખ અને ભેદભાવપૂર્ણ લક્ષ્ય દેખરેખને સક્ષમ કરે છે, અને ડેટાબેસ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતા કોઈપણ ગેરકાયદેસર રીતે હસ્તગત બાયમેટ્રિક ડેટા અને આવા ડેટા પર બાંધવામાં આવેલા કોઈપણ મોડેલ અથવા ઉત્પાદનોનો નાશ કરવો;

c. આ તકનીકની જોગવાઈ અંગેના તેમના તમામ જાહેર કરાર (જે સસ્પેન્ડ, ચાલુ અથવા નિર્માણમાં છે તે સહિત) ના વિગતવાર પારદર્શક અહેવાલો જારી કરવા; અને

d. ચહેરાની ઓળખ અને દૂરસ્થ જૈવિક ઓળખ તકનીકો જે સમૂહ દેખરેખ અને ભેદભાવપૂર્ણ લક્ષિત દેખરેખને સક્ષમ કરે છે તેના વિકાસને પડકારવા અથવા નકારવા માટે તેમના કાર્યસ્થળમાં ગોઠવાયેલા કામદારો સાથે અર્થપૂર્ણ રીતે સંકલન કરવું અને બદલો લેવાનું ટાળવું;

---

3) તકનીકી કંપનીઓના કામદારોને, તેમના સંઘના સમર્થન સાથે, શક્ય હદ સુધી ચહેરાના ઓળખ અને દૂરસ્થ બાયમેટ્રિક ઓળખ તકનીકોના વિકાસ અથવા વેચાણ સામે તેમના કાર્યસ્થળોમાં સંગઠિત થવા;

---

**4)** રોકાણકારો અને નાણાકીય સંસ્થાઓને**:**

a. ચહેરાની ઓળખ અને અન્ય જૈવિક ઓળખ તકનીક બનાવતી અને વેચતી કંપનીઓમાં તેમના ચાલુ અને ભાવિ રોકાણો અંગે માનવ અધિકારને ધ્યાનમાં રાખી ખંતપૂર્વક તાપસ કરવી, એ જાણવા માટે કે આ તકનીક ક્યાંય માનવાધિકાર સાથે અસંગત છે કે સામૂહિક દેખરેખ અને ભેદભાવપૂર્ણ લક્ષિત દેખરેખને સક્ષમ કરે છે; અને

b. તેઓ જે કંપનીમાં રોકાણ કરે છે તેમને સામૂહિક દેખરેખ અને ભેદભાવપૂર્ણ લક્ષિત દેખરેખને સક્ષમ બનાવવાની તકનીક બનાવતા, વેંચતા કે પુરી પાડતા અટકાવવી;

---

5) દાતા સંસ્થાઓ, અદાલતો સમક્ષ હાનિના હલ માટે અને સ્થાનિક, રાજ્ય, પ્રાંતીય, રાષ્ટ્રીય, સંઘીય, સુપ્રિનેશનલ, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સિસ્ટમોમાં નીતિનિર્માણમાં સક્રિયપણે સંકળાયેલી બિન-સરકારી અને નાગરિક સમાજ સંસ્થાઓ દ્વારા દાવાઓ અને હિમાયત માટેના ભંડોળની ખાતરી કરવા

---

નિષ્કર્ષ
અમે નાગરિક સમાજ, કાર્યકરો, શિક્ષણવિદો અને વિશ્વભરના અન્ય હિસ્સેદારોને આ પત્ર પર સહી કરવા અને લડાઈમાં જોડાવા માટે હાકલ કરીયે છીએ જેથી આપણે એ સુનિશ્ચિત કરી શકીયે કે જાહેર જગ્યાઓ પર આ તકનીકના ઉપયોગ પર હંમેશ માટે પ્રતિબંધ મુકવામાં આવે, જેથી આપણા માનવ અધિકાર અને નાગરિક સ્વાતંત્ર્ય સુરક્ષિત રહે.

તમે કેવી રીતે સહી કરી શકો છો અને આ પહેલને ટેકો આપી શકો છો તેના વિશે વધુ માહિતી માટે banBS@accessnow.org નો સંપર્ક કરો.

accessnow.org/ban-biometric-surveillance

